RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 37 Date: 28.11.2023 Tuesday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# "ઉત્તરાખંડમાં સિલ્ક્યારા ટનલના નિર્માણમાં અમારી કોઈ ભાગીદારી નથી": અદાણી ગ્રુપ



નવીદિલ્હી,તા.૨૭

અદાણી ગ્રૂપે ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં નિર્માણાધીન સિલ્ક્યારા ટનલ દુર્ઘટનાને લઈને તેના નિર્માણ કાર્યમાં કોઈ લિંક હોવાની અફવાઓને ફગાવી દીધી છે. અદાણી ગ્રૂપે જણાવ્યું હતું કે જૂથ અથવા કોઈપણ જૂથની કંપની આ ટનલના નિર્માણમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સામેલ નથી. તમને જણાવી દઈએ કે, બે અઠવાડિયા પહેલા ટનલનો એક ભાગ ધરાશાયી થઈ ગયો હતો, જેના કારણે ૪૧ કામદારો અંદર ફસાયા હતા. આ મજૂરોને બહાર કાઢવા માટે રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે.

અદાણી ગ્રુપના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ×અમે સ્પષ્ટ કરીએ છીએ કે અદાણી ગ્રુપ અથવા તેની કોઈપણ પેટાકંપનીઓ કોઈપણ રીતે ટનલના નિર્માણમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સામેલ નથી. અમે એ પણ સ્પષ્ટતા કરીએ છીએ કે ટનલના નિર્માણ સાથે સંકળાયેલી કંપનીમાં અમારો કોઈ હિસ્સો નથી.×

૧૨ નવેમ્બરે ભૂસ્ખલનને પગલે નિર્માણાધીન સિલ્ક્યારા-બારકોટ ટનલનો એક ભાગ ફસાઈ જવાથી ૪૧ મજૂરો ફસાયા છે. સિલ્ક્યારા-બારકોટ ટનલ ચારધામ રોડ પ્રોજેક્ટનો એક ભાગ છે. હૈદરાબાદ સ્થિત નવયુગ એન્જિનિયરિંગ કંપની લિમિટેડ તેનું નિર્માણ કરી રહી છે.અદાણી ગ્રૂપે તેનું નામ અકસ્માત સાથે જોડવાના કોઈપણ ×નાપાક પ્રયાસ× ને સખત શબ્દોમાં વખોડતા કહ્યું, ×આ સમયે, અમારા વિચારો અને પ્રાર્થના ફસાયેલા કામદારો અને તેમના પરિવારો સાથે છે.×દરમિયાન બચાવ કામગીરીમાં નવી મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે. સુરંગમાં ડ્રિલિંગ મશીન ફસાયા બાદ સુરંગમાં ફસાયેલા કામદારોની જલ્દી બહાર નીકળવાની આશા પર પાણી ફરી વળ્યું છે. બચાવમાં હવે લાંબો સમય લાગી શકે છે. ટનલમાં ફસાયેલા ઓગર મશીનના પાર્ટ્સને કાઢવાનું કામ ચાલી રહ્યું છે. દરમિયાન બે-ત્રણ વિકલ્પો પર પણ કામ શરૂ કરવામાં આવ્યું છે.

એડિશનલ સેક્રેટરી ટેક્નિકલ, રોડ્સ એન્ડ ટ્રાન્સપોર્ટ મહમૂદ અહેમદે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ઓગર મશીન ૧૩.૯૮ મીટર ઊંડું છે અને તેને લેસર અને પ્લાઝમા કટરથી કાપવામાં આવી રહ્યું છે. આ માટે મોડે સુધી કામગીરી કરવામાં આવશે. તેમણે કહ્યું કે બેથી ત્રણ વિકલ્પો પર કામ શરૂ કરવામાં આવ્યું છે. એસજીવીએનએલ ૧.૨ મીટર વ્યાસનું વર્ટિકલ ડ્રિલિંગ કરી રહ્યું છે. ભૂસ્તરશાસ્ત્રીએ ડ્રિલિંગ માટે નવું સ્થાન ઓળખ્યું છે. લગભગ ૧૫ મીટરનું આડું ડ્રિલિંગ કરવામાં આવ્યું છે. અમે એક એવા સ્થાનને ઓળખી કાઢ્યું છે જ્યાં અમે અંદાજ લગાવીએ છીએ કે કુલ ૮૬ મીટર ડ્રિલિંગ થશે. એક મશીન ૪૪-૪૫ મીટર ડ્રિલ કરે છે. આ પછી બીજા મશીનનો ઉપયોગ કરવામાં આવશે. બીજું મશીન પણ આવી ગયું છે.

અહેમદે જણાવ્યું હતું કે એઆરઆઈવીએલએલ ૧૮૦ મીટર લંબરૂપ હોરીઝોન્ટલ ડ્રિલિંગ માટે પ્લેટફોર્મ બનાવી રહ્યું છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આરવીએનએલ ૨૮મીએ કવાયત શરૂ કરશે. તેમણે કહ્યું કે આ એક લાંબી પ્રક્રિયા છે. દરરોજ ૧૨ મીટરના દરે ૧૫ દિવસમાં ૧૮૦ મીટર ડ્રિલ કરશે. અમે ડ્રિફ્ટ ટનલ પણ બનાવવા માંગીએ છીએ, ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે અને મંજૂર કરવામાં આવી છે... અમે આ વિવિધ પાસાઓ પર કામ કરી રહ્યા છીએ... બારકોટ બાજુથી ડ્રિલિંગમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ રવિવારે સિલ્ક્યારા ટનલમાં ફસાયેલા ચંપાવત જિલ્લાના ટનકપુરના રહેવાસી પુષ્કર સિંહ એરીના ઘરે જઈને તેમના પરિવારના સભ્યોને પ્રોત્સાહિત કર્યા અને કહ્યું કે તમામ લોકોને સુરક્ષિત રીતે બહાર લાવવા માટે પૂરી તાકાતથી કામ કરવામાં આવી રહ્યું છે. સુરંગમાં ૪૧ કામદારો ફસાયા. ધામીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લખ્યું 'મુખ્યમંત્રીએ કહ્યું કે આ દરમિયાન તેમને કેન્દ્રીય એજન્સીઓ અને રાજ્ય વહીવટીતંત્ર દ્વારા કામદારોને બહાર કાઢવા માટે કરવામાં આવી રહેલા અથાક પ્રયાસો વિશે જાણ કરવામાં આવી હતી.

×અમે તમામ કામદારોને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે સંપૂર્ણ બળ સાથે કામ કરી રહ્યા છીએ,× તેમણે કહ્યું. ધામીએ કહ્યું કે તમામ કામદારો સ્વસ્થ છે અને તેમને જલ્દીથી બહાર કાઢવામાં આવશે. આ પ્રસંગે લોકસભાના સભ્ય અજય તમટા પણ હાજર હતા. સુરંગમાં ફસાયેલા ૪૧ મજૂરોમાંથી એરી સહિત બે ઉત્તરાખંડના છે. અન્ય એક કાર્યકર ગબ્બર સિંહ નેગી ઉત્તરાખંડના પૌડી જિલ્લાના કોટદ્વારનો રહેવાસી છે. આ સિવાય ૧૫ કામદારો ઝારખંડના, આઠ ઉત્તર પ્રદેશના, બિહાર અને ઓડિશાના પાંચ-પાંચ, પશ્ચિમ બંગાળના ત્રણ, આસામના બે અને હિમાચલ પ્રદેશના એક કામદાર છે.

## માવઠાંથી જિલ્લામાં ૨૫૦ લગ્ન પર વિઘ્ન ઊભું થયું

દિવાળી બાદ લગ્નસરાની પ્રથમ વખતની સીઝન હોવાંથી બજારમાં ખરીદીની તેજી જોવાં મળી છે. પરંતુ કમોસમી વરસાદ વિઘ્ન બનીને આવ્યો હોય તેમ જોવાં મળ્યું છે. લાખો રૂપિયાનું આધણ રોકીને લગ્નનું આયોજન કરનારા લોકો માટે તો રાતો રાત હોલ બુકીંગ કરાવવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલી જોવાં મળી છે. જિલ્લાના દહેગામ , માણસા, કલોલ અને ગાંધીનગર તાલુકામાં ૨૪ થી ૨૯ નવેમ્બર સુધી અંદાજીત ૨૫૦ જેટલાં લગ્નોનું આયોજન થયેલું છે, તેવાં સંજોગોમાં વરસાદના કારણે હાલના તબક્કે તો લગ્નનું આયોજન લઈને બેઠેલાં



વરઘોડીયાના પરિવારજનોને આયોજનમાં ફેરબદલ કરવાની જરૂરીયાત ઉભી થયેલ હતી.લગ્નના અવસરે ૫ મહિના અગાઉથી મંડપ , રસોઈ તેમજ અન્ય કામ સંબઘીત અગાઉથી જ બુકીંગ કરી દેવામાં આવતું હોય છે. પરંતુ કમોસમી વરસાદથી દરેકના આયોજન પર પાણી ફરી ગયેલું જોવાં મળ્યું હતું, પાર્ટી પ્લોટમાં લગ્નનું આયોજન કરનારા માટે છેલ્લી ઘડીએ આયોજનમાં ફેરબદલ કરવું મુશ્કેલ થઈ પડ્યું હતું, જ્યારે કેટલાંક કિસ્સામાં આગામી દિવસોમાં યોજાનાર લગ્નો માટે પણ પાર્ટી પ્લોટનું બુકીગ રદ કરાવીને હોલ માટેની માંગ કરવામાં આવી છે. રાંધ્યા ધાન રઝળ્યાં હોય તેમ ગણતરી કરેલ મહેમાનો પણ હાજર ના રહ્યાં હોવાની પરિસ્થિતિ જોવાં મળી હતી. આગામી ૨૯ નવેમ્બર સુધી લગ્નના મુહૂર્ત છે, જેની તૈયારીઓમાં પણ કમોસમી વરસાદ હાલતો નડતરરૂપ બન્યો છે.

## હૃદયરોગનો હુમલો:ચાણસ્માના પૂર્વ કારોબારી અધ્યક્ષ એમ.એસ.પટેલનું હાર્ટએટેકથી મોત

ચાણસ્મા તાલુકા લણવા ગામના વતની અને ચાણસ્મા તાલુકા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ એમ.એસ.પટેલના હુલામણા નામથી ઓળખાતા મહેન્દ્રભાઈ સેધીદાસ પટેલ (ઉ.૬૪)નું રવિવારે વહેલી સવારે તેમના નિવાસસ્થાને મહેસાણા ખાતે હૃદય રોગના હુમલાથી દુઃખદ અવસાન થતા ચાણસ્મા પંથકમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી. સદગતની સ્મશાન યાત્રામાં રાજકીય સામાજિક અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. સદગત એમ.એસ.પટેલ ચાણસ્મા તાલુકા પંચાયતના સને ૨૦૧૩ના સમયમાં કારોબારી અધ્યક્ષ તરીકે રહી સેવા આપી હતી.તેઓ



### લણવામાં ૧૩ દિવસમાં એટેકથી ૫ લોકોના મોત

લણવા ગામમાં નવા વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં હૃદય બંધ પડી જવા અને હાર્ટ એટેકના કારણે પાંચ વ્યક્તિઓના મોત થયા છે. જેમાં પટેલ અરવિંદકુમાર ઈશ્વરલાલ, નાઈ ધર્મેન્દ્રકુમાર જયંતીલાલ, પટેલ વિઠ્ઠલભાઈ જોઈતાભાઈ, પટેલ વિષ્ણુભાઈ શંકરલાલ અને પટેલ મહેન્દ્રકુમાર સેધીદાસનો સમાવેશ થાય છે.

મહેસાણા ખાતે વૃંદાવન સોસાયટીમાં રહેતા હતા અને શનિવારે રાત્રે લગ્ન પ્રસંગમાં પણ મહેસાણા પાર્ટી પ્લોટ ખાતે હાજરી આપી હતી પરંતુ ત્યારબાદ ઘરે ગયા પછી વહેલી સવારે ૪:૦૦ વાગે છાતીમાં દુખાવો ઉપડતાં તેઓને તત્કાળ લાયન્સ હોસ્પિટલમાં લઈ જવાયા હતા.જ્યાં ડોક્ટર અમિત બી.પટેલે તપાસ કરતા તેઓ મૃત જણાયા હતા તેમ પારિવારિક સૂત્રોએ જણાવ્યુંહતું.

## ભરશિયાળે માવઠાંથી ઠંડીનો ચમકારો, લઘુતમ ૨૦.૮ ડિગ્રી તાપમાનની સામે વરસાદ ૧૫ મીમી

ગ્લોબલ વૉર્મિંગની અસરથી રાજ્યનું પાટનગર પણ બાકાત નહીં રહેતા રવિવારે ભર શિયાળે માવઠું થતાં લઘુતમ તાપમાન ૨૦.૮ ડીગ્રીની સામે વરસાદ ૧૫ મી.મી. નોંધાયો છે. વરસાદને પગલે નગરનું વાતાવરણ હિલ સ્ટેશન જેવું થયું અને તેમાં રવિવારની રજાનો સહયોગને પગલે નગરવાસીઓ પોતાની ગાડી લઈને ફરવા નીકળીને વાતાવરણનો આનંદ માણ્યો હતો. જ્યારે ભરશિયાળે માવઠું થતાં નગરના દિવસ અને રાત્રિના તાપમાન વચ્ચે માત્ર બે ડિગ્રીનો જ તફાવત રહ્યો હતો. જોકે હવામાન વિભાગે આગામી ૩ દિવસ સુધી વરસાદની આગાહી કરી છે.વિકાસની આંધળી દોટમાં આડેધડ વૃક્ષોનું કટીંગ કરાતા સમગ્ર વિશ્વમાં પર્યાવરણનું માળખું ખોરવાઈ જતા સમગ્ર વિશ્વ ગ્લોબલ વૉર્મિંગની ઝપટમાં આવી ગયું છે.



તેમાંથી રાજ્યનું પાટનગર પણ બાકાત રહ્યું નથી તેમ ભરશિયાળે થયેલા માવઠા પરથી લાગી રહ્યું છે. વેસ્ટન ડિસ્ટર્બન્સ ને પગલે સમગ્ર ગુજરાતના સૌરાષ્ટ્ર દક્ષિણ તેમજ ઉત્તર ગુજરાત વિસ્તારમાં આગાહી હવામાન વિભાગ તેમજ ખગોળશાસ્ત્રીઓએ કરી હતી. આગાહીને પગલે ગત શનિવારથી જ નગરનું વાતાવરણ વાદળછાયુ રહ્યું હતું. જ્યારે રવિવાર સવારથી જ નગરના આકાશમાં કાળા ડીબાંગ વાદળોથી છવાઈ ગયું હતું. જોકે સવારના સુમારે ગાજવીજ સાથે વરસાદના ઝાપટા પડ્યા હતા. બપોરે વરસાદે વિરામ લેતા સૂર્યનારાયણ દેખાતો હતો. પરંતુ સાંજના સોમવારે પુનઃ કાળાં ડીબાંગ વાદળોએ અડીંગો જમણાવી લેતા ગાજવીજ સાથે વરસાદે સતત એકાદ કલાક સુધી જમાવટ કરી હતી.

જોકે વર્ષિયાળે નગરમાં વરસાદ પડતા જ નગરનું વાતાવરણ હિલ સ્ટેશન જેવું બની જવા પામ્યું હતું. તેમાં રવિવારની રજા નો સંયોગ મળતા જ નગરના અનેક પરિવારો પોતાની ગાડી લઈને વાતાવરણની મજા માણવા ફરવા નીકળી પડ્યા હતા. નગરમાં વરસાદ પડતા જ નગરનું દિવસ અને રાત્રિનું તાપમાનમાં વચ્ચે માત્ર બે ડિગ્રીનો તફાવત આવ્યો હતો જો કે ગત શનિવારે નગરનું મહત્તમ તાપમાન ૩૧.૦ ડિગ્રી રહેવા પામ્યું હતું. જ્યારે રવિવારે વરસાદી માહોલ રહેતા જ નગરનું મહત્તમ તાપમાન ૨૨.૮ ડિગ્રી થઈ ગયું હતું. એટલે માત્ર ૨૪ કલાકમાં જ નગરના મહત્તમ તાપમાનમાં ૯ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો હતો. જ્યારે માવઠાના કારણે રવી પાકને વ્યાપક નુકસાન થવાની શક્યતા પણ ખેડૂતોએ દર્શાવી છે.

કોમોસમી વરસાદ બાદ ગાત્રો ગાળી નાખે તેવી કાતિલ ઠંડીની આગાહી હવામાન વિભાગે કરી છે. જોકે હવામાન વિભાગની આગાહી સાચી પડશે તેવા સંકેતો રવિવારે પડેલા માવઠાને પગલે નગરના તાપમાનમાં આવેલા ઘટાડા પરથી લાગી રહ્યું છે. વરસાદ બાદ આગામી દિવસોમાં વાતાવરણમાં ભેજ વધુ રહેવાથી વહેલી સવારે ગાઢ ધુમ્મસનો પણ અનુભવ થશે.

## તંત્રી લેખ......

# શું તમે લોન લેવાનું વિચારી રહ્યાં છો? તો આ વિકલ્પ પણ છે બેસ્ટ

જો તમે પણ લોન લેવાનું વિચારી રહ્યા છો અથવા તમને પૈસાની જરૂર છે, તો હવે તમારે બિલકુલ ટેન્શન લેવાની જરૂર નથી. જ્યારે પણ કોઇ સમસ્યા આવી ચડે ત્યારે લોકો પહેલાં લોન લેવાનું વિચારે છે. પરંતૂ લોકો બેંકમાંથી લોન લઇ શકાય તેમ સમજે છે.

હવે તમારા ખિસ્સા પર ઓછો બોજ પડે તેવી લોન ફણ લઇ શકો છો. પર્સનલ લોન પર વ્યાજ દરો ખૂબ ઊંચા છે, જેના કારણે ગ્રાહકોને ભારે વ્યાજ ચૂકવવું પડે છે.

જો તમારી ૡ્ટુ પણ નથી અને ૡ ખાતુ પણ નથી તો તમારા માટે બેસ્ટ ઓપ્શન ગોલ્ડ લોન છે. તમે પર્સનલ લોનને બદલે ગોલ્ડ લોન લઈ શકો છો. સ્ટેટ બેંકની વેબસાઈટ અનુસાર, તમારે ૩ લાખ રૂપિયા સુધીની લોન પર કોઈપણ પ્રકારની પ્રોસેસિંગ ફી ચૂકવવાની રહેશે નહીં. ગોલ્ડ લોન એ સુરક્ષિત માનવામાં આવે છે. હાલમાં સ્ટેટ બેંકમાં ગોલ્ડ લોન ૮.૭૦ ટકાથી શરૂ થશે. જેમાં તમે તમારા ગોલ્ડ સામે લોન લઇ શકો છો.

ગોલ્ડ લોન, એફડી લોન અને પબ્લિક પ્રોવિડન્ટ સામે પણ લોન લઈ શકો છો. આમાં વ્યાજ દર અન્ય લોનની સરખામણીમાં ઓછો છે.શું તમે જાણો છો તમારા દ્વારા કરવામાં આવેલી ૡ્ટુ પર પણ તમે લોન લઇ શકો છો. જો તમે કોઈપણ બેંકમાં એફડી કરી છે, તો તમે તેના પર પર્સનલ લોનને બદલે લોન લઈ શકો છો. તમે તમારી બેંક એફડીના કુલ મૂલ્યના લગભગ ૯૦ થી ૯૫ ટકા લોનના રૂપમાં મેળવી શકો છો. જેમાં તમારે કોઇ પણ પ્રોસેસિંગ ફિ આપવાની રહેતી નથી. આના પર વ્યાજ દર ૡ્ટુ પરના વ્યાજ કરતા ૧ થી ૨ ટકા વધુ છે.તેથી તે પર્સનલ લોનથી વધુ સસ્તુ છે.

તમારા પૈસા રોક્યા છે તો તમે તમારા પબ્લિક પ્રોવિડન્ટ ફંડ સામે લોન લઈ શકો છો. જો તમે ૡમાં પૈસા રોક્યા છે તો તમે તેનો લાભ લઈ શકો છો. આ માટે તમારું ૡ ખાતું લગભગ ૧ વર્ષ જૂનું હોવું જોઈએ. તમારા ખાતામાં જમા રાશિના આધારે તમને લોન મળી શકે છે. હાલમાં ૡ પર વ્યાજ દર ૭.૧ ટકા છે. તે જ સમયે, લોન પર ૮.૧ ટકાના દરે વ્યાજ આપવામાં આવી રહ્યું છે.

# છૂટાછેડા નું કારણ-? પરીક્ષામાં ચોરી

અદાલતના જજ કે વકીલ કાળો લાંબો ગાઉન પહેરે તેવા ગાઉન રાજુએ ઠઠાડ્યો હતો. હાથમાં કાયદાના થોથાં હતા! રાજુ નકારમાં માથું ધુણાવતો આવતો હતો.

“ મિ. લોર્ડ આવું ક્ષુલ્લક કારણ? ઈટ ઈઝ ફસર્ટ ટાઈમ ઈન ધી હિસ્ટ્રી ઓફ કોર્ટ’’રાજુએ મને જજ માની લીધો કે શું?

“ રાજુ તું શેની વાત કરે છે? ધડમાથા વગરની વાત ન કર. સમજાય તેવી વાત કર’’ મેં રાજુને કડકાઈથી કહ્યું.

“ગિરધરભાઈ . લગ્ન તો ઉપરથી નક્કી થાય છે અને ધરતી પર તેની વિધિ પૂરી થાય છે. આ બધું તો સમજ્યા પણ છૂટાછેડા, ફારગતી , લખાણું, ડીવોર્સની વિધિ પાતાળમાં થતી હશે કે શું? “ રાજુએ પૂછ્યું.

“ રાજુ. લગ્ન પછી પતિ-પત્ની વચ્ચે કારણ અકારણ સંઘર્ષ થાય, ગૃહયુધ્ધ થાય, એક છત નીચે રહેલા છતાં પાણી અને પેટ્રોલ મિકસ ન થાય.માતાપિતા, સગાસંબધી, મિત્રો સુલેહ માટે પ્રયત્ન કરે પણ તૂટેલ મન ફેવિકોલથી પણ ચોંટતા નથી. પછી શું થાય? વકીલો અને પોલીસ કમાય!! “ મેં રાજુને ગૃહયુધ્ધનું વિશ્લેષણ કરી કહ્યું.

“ગિરધરભાઈ. તમે માનશો એક વાર મીઠું-નમક કમ ખાય( ગમ વધારે ખાય .એનું કાંઈ નહીં!!) તે જાહેર ન કરવાના કારણે છૂટાછેડા થઈ ગયા!!’’ રાજુએ પદાર્થ આધારિત ડીવોર્સની વાત કરી.

“ રાજુ ડોમેસ્ટિક વાયોલન્સ એકટ ગોરધન વિરોધી કાયદો છે. માની લો કે મહિલા અબળા છે. તેને પતિ,સાસુ,સસરા, નણંદ, જેઠ,દિયર, દેરાણી, જેઠાણીના ત્રાસ, હેરાનગતિ સામે રક્ષણ આપવું જોઈએ. એનો ઈન્કાર પણ ન કરાય. પતિને પૂરૂષ હોવા છતાં અબળા હેરાન કરે, જીવન ધૂળધાણી કરી નાંખે તેવા પત્ની પીડીત પતિ માટે કોઈ કોઈ કાયદાકીય જોગવાઈ નથી. બિચારો પત્ની અને કાયદા-ઘંટીના પડ વચ્ચે જીંદગીભર પિસાતો રહે છે. છૂટાછેડાની અરજા કર્યા પછી આ કોર્ટ, પહેલી કોર્ટ, છેલ્લી કોર્ટના ચક્કરમાં ડોસો થઈ જાય તો પણ છૂટાછેડા ન મળે. ઘણીવાર તેના છોકરાના છૂટાછેડા તેના કરતાં વહેલા થાય પણ પેલો બાપડો ભરણપોષણની રકમ ભરતાં ભરતા ખુદ કુપોષિત થઈ જાય.છૂટાછેડા મળે પછી બીજે છેડા જોડવાની શક્યતા બચી ન હોય!! “મેં પુરુષોની કરૂણ દાસ્તાન વર્ણવી.

“ગિરધરભાઈ . તમે પરીક્ષામાં ચોરી કરવાના કારણે છૂટાછેડા થયા હોવાનું કદી સાંભળ્યું છે?’’ રાજુએ અઘરો સવાલ પૂછ્યો.

“ રાજુ. છૂટાછેડા માટે છોકરી કાળી પડે, જાડી પડે, નીચી પડે, અભણ પડે, ગરીબ પડે,આડા સંબંધો હોય, દહેજ ઓછું પડે, આંખ ત્રાંસી હોય વગેરે કારણો હોય. છોકરી સાટામાં આપેલ હોય તો એકને દુખ પડે કે તકલીફ તો બીજાને પણ તકલીફ પડે. છોકરો નામર્દ હોય, છોકરો બીજી સાથે લફરું હોય એટલે છૂટાછેડા થાય. સંયુકત કૂટુંબમાં રહેવાની રામાયણ હોય. પણ પરીક્ષામાં ચોરી કરવાથી કોઈનો સંસાર બગડે એવું સાંભળ્યું નથી’’ મેં રાજુને કહ્યું .

“ગિરધરભાઈ . પરીક્ષામાં ચોરી એ ચોરી થોડી કહેવાય? અમુક ગામમાં તો લાઉડ સ્પીકર પર સવાલનો જવાબ લખવાનું સદાવ્રત ચલાવે છે. બિહારના પટણામાં નિશાળના બીજા માળની બારી બહાર લટકી છોકરાઓને લિફ્ટ કરા દેનું કામ કરે તે કંઈ ગુનો થોડો છે? અમુક પરીક્ષા સેન્ટરો તો પરીક્ષા ચોરીની સાત્વિક પ્રવૃતિના લીધે ફૂલ્યાફાલ્યા છે!! નડીયાદ, ગોંડલ, ગોધરા, સાવરકુંડલા આધુનિક પરીક્ષા ચોરીના તીર્થધામ છે!!પરીણામાં તમને શું આવડે છે તેના કરતાં શું નથી આવડે છે તેની પરીક્ષા લ્યો તો છોકરા ચોરી ન કરે તો શું કરે? યુપી, બિહારમાં એક એરંડામાં યુનિવર્સિટી ચલાવે છે તે શીનાજોરી નથી!!’’રાજુએ શિક્ષણક્ષેત્રનું પેપર લીક કર્યું!!

“ રાજુ પેલા ડોકટરે તો તેની પત્નીએ પરીક્ષા ચોરી કરી તેની શરમ થોડી અનુભવવાની હોય?? તેણે જવેલર્સની દુકાનમાંથી પંદર તોલા સોનું તફડાવ્યું હોય તો શરમ અનુભવે તે બરાબર કહેવાય?! ઉધ્યોગપતિ બેંકોમાંથા કરોડોની લોન લઈ લોન ભરે એ તો પરીક્ષા ચોરી કરતાં મોટી ચોરી હોવા છતાં કોલર ઊંચા કરી દેશમાં ફરે છે કે વિદેશ ભાગી જાય છે.શેરબજારમાં સટો કરી બજારને રવાડે ચડાવી લોકોના રૂપિયાનું પાણી કરનારની નાલાયકી પરીક્ષામાં ચોરી કરે તેના કરતાં ખરાબ જ કહેવાય!! ગર્લફ્રેન્ડને મોજ કરાવવા નાનીમોટી ચોરી કરે તે શું છે? પેલાં ડોકટરે તેની પત્ની ગ્રેજયુએટ થાય તેવું છચ્છે તો પરીક્ષાયજ્ઞામાં ચોરીના સમિધ હોમવામાંશનો વાંધો લેવો જોઈએ? ઉલ્ટાનું તેણે નોટબુક , ગાઈડ, અપેક્ષિત, સ્યોર સંજેશનની રીડકશન કોપી કરી પર્સમાં , સેન્ડલમાં, બાથરૂમમાં મુકવાની માઈક્રો પ્લાનનિંગમાં મદદ કરવાની પતિ તરીકેની સપ્તપદીમાં લીધેલ પ્રતિજ્ઞાનું પાલન કરવું જોઈએ કે નહીં??’’ મેં ડોકટરને આદર્શ ગોરધન ( એટલે કે પતિ તરીકેની ફરજ. પતી લખો તો પણ વાંધો નહીં. લગ્ન કરે એટલે પતિ પતી જ જાય છે.)ની ફરજો યાદ કરાવી.

“ગિરધરભાઈ . પેલા ડોકટર મહાશય મેડીકલ રિપ્રેઝેન્ટીવ પાસેથી સેન્પલની દવા વેચી નાંખે, મેડીકલ સ્ટોરના લેટરપેડ પર દવા લખે, ફાર્માસ્યુટિકલ કંપનીએ આપેલ ગિફટ વાઉચરથી સિંગાપુર, થાઈલેંન્ડ ફરી આવે, સેમિનારમાં જઈ આવે , ફ્રી સીટમાં ભણીને દર્દીને ચીરી નાંખે તેના કરતાં પરીક્ષામાં ચિઠ્ઠી ચપાટીથી તેની સામાજિક પ્રતિષ્ઠાને અસાધ્ય નુકસાન જવાની ગેરમાર્ગે દોરનાર દલીલ કહેતા ભી દિવાના સુનતા ભી દિવાના ન કહેવાય? “ રાજુએ ડોકટરની માન્યતાનું ડીસેકશન કર્યું!!

રાજુ. ડોકટર તો સમજ્યા પણ પરીક્ષામાં કરેલી ચોરીને પ્રતિષ્ઠા પર કુઠુરાઘાત ગણી છૂટાછેડા મંજૂર કરનાર જજસાહેબની પેન-કલમ કેમ તૂટી ન ગઈ?’’ રાજુચોધાર આંસુએરડી પડ્યો.

ભરત વૈષ્ણવ

# સમગ્ર રાજ્યમાં ઉત્તરાયણ પર્વ નિમીતે ચાઈનીઝ દોરા/દોરી, કાચ પાયેલા દોરા, ચાઇનીઝ તુક્કલનાં વેંચાણનો સંગ્રહ અને વેંચાણ પર કાયમી પ્રતિબંધ અંગે પંકજભાઈ બુચ દ્વારા રજૂઆત કરાઈ

સમગ્ર રાજ્યમાં ઉત્તરાયણ પર્વ નિમીતે ચાઈનીઝ દોરા/દોરી, કાચ પાયેલા દોરા, ચાઈનીઝ તુકકલનાં વેંચાણનો સંગ્રહ અને વેંચાણ પર કાયમી પ્રતિબંધ અંગે પંકજભાઈ બુચ દ્વારા રજૂઆત કરાઈ હતી. સમગ્ર રાજ્યમાં મકર સંક્રાંતિપર્વ ખૂબ જ હર્ષોલ્લાસથી ઊજવાય છે અને પારંપારિક રીતે આકાશ આખુ ઉડતી પતંગોથી મઢાય જાય છે. મકરસંક્રાતિનાં પાવન પર્વ નિમિતે લાખો પતંગો આકાશમાં ઉડતી હોય છે. લોકો અજાણતાં જ ચાઈનીઝ દોરા/ કાચનાં પાકા માંજા, પાયેલાં દોરાનો ઉપયોગ પતંગ ઉડાડવામાં કરી પક્ષીઓનાં જીવનનો અંત લાવવામાં નિમિત્ત બને છે. ઘણા વિસ્તારોમાં વીજળીના તાર પર, ઝાડ પર, અગાસી ઉપર, બિલ્ડીંગો પર, છત પર, ટી.વી. એન્ટેના ટાવર વિ. પર અનેક જગ્યાએ લટકતાં દોરા તેમજ કપાયેલા ફાટેલાં પતંગો જોવા મળે છે જે અબોલ, વિહરતાં પક્ષીઓ માટે ફાંસીનાં ગાળીયા સમ કાર્ય કરે છે. પતંગ કાપવાની મજા પક્ષીઓ માટે મોતની સજા બને છે. તે સમયે અનેક નિર્દોષ પક્ષીઓની પાંખ, ડોક, દોરાથી કપાઈ જાય છે, પક્ષીઓ ઘાયલ થાય છે અને તરફડી તરફડીને મરી જાય છે. નિર્દોષ પારેવા, ચકલા, પોપટથી લઈને સંરક્ષીત અને લુપ્ત થતી પ્રજાતિનાં પક્ષીઓ, વિદેશથી માઈગ્રેટ થઈને આવતા પક્ષીઓ કાતિલ દોરાથી કપાઈ જાય છે, તરફડે છે અને સારવાર અને સંભાળનાં અભાવે મરી જાય છે. થોડાંક વર્ષોથી રાત્રે આકાશમાં સળગતાં તુકકલો ઉડાડવાને કારણે અગાઉના વર્ષે વસાહતી વિસ્તારમાં આગ લાગવાની ઘટનાઓ પણ બની છે. આ સળગતા તુકલો કોઇ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં પડે, કોઇ લાકડાની લારી કે જોખમી કેમિકલ બનાવનારી ફેકટરી પર પડે તો મોટી હોનારત સર્જાઇ શકે. તે જ રીતે પતંગની દોરીથી અનેક વાહન ચાલકો પણ અકસ્માતનો ભોગ બને છે. દ્વિચક્રી વાહનો ચલાવનારા પર આવી દોરી આવી જતાં ગળામાં ફસાઈ જવાથી અકસ્માત અને મૃત્યુ થવાના ઘણા બનાવો નોંધાયા છે. અનેક વ્યક્તિઓના ગળા કપાઈ જવાના, પશુપંખીઓના દોરીના કારણે લોહીલુહાણ થવાના અને મૃત્યુ પામવાના બનાવો બને છે. સાદી દોરીથી પણ અકસ્માત થાય છે અને ચાઈનીઝ દોરીથી પણ આવા અકસ્માતો સર્જાય છે. પરંતુ ચાઈનીઝ દોરી વધારે ઘાતક સાબિત થાય છે. આ પ્રકારની ઘાતક ચાઈનીઝ દોરી અને તુકકલોના વેચાણ પર કડક પ્રતિબંધનું અમલીકરણ થવો



જોઈએ.દરેક વર્ષની ઉત્તરાયણ દરમ્યાન અસંખ્ય પક્ષીઓનું મૃત્યુ નીપજે છે અને અસંખ્ય પક્ષીઓને કાયમી ગંભીર ઈજા પહોંચે છે, જેનું મુખ્ય કારણ પતંગ ચગાવવા માટે કાચ પાયેલી દોરી તથા ચાઈનીઝ દોરીનો ઉપયોગ હોય છે અને આવી કાચ પાયેલી દોરી અને ચાઈનીઝ દોરીના વપરાશ ઉપર નામદાર ગુજરાત હાઈકોર્ટ, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ, ગુજરાત રાજ્ય એ પ્રતિબંધ મૂક્યો છે અને તે જ રીતે દર વર્ષે જે તે પોલીસ કમિશ્નર અને/અથવા જે તે કલેક્ટર જાહેરનામા બહાર પાડે છે, પરંતુ આ તમામ હુકમોનું કડક રીતે પાલન થતું નથી અને આગોતરું આયોજન કરી આ પ્રકારની દોરીઓનું ઉત્પાદન, સંગ્રહ, વેચાણ બંધ થતું નથી તે માટે એડવોકેટ નિમિશભાઈ કાપડિયાનાં માધ્યમથી પંકજભાઈ બુચે હાઈકોર્ટમાં પીઆઈએલ કરી ચાઈનીઝ દોરા, તુક્કલનાં વેંચાણ અંગે પ્રતિબંધ મુકવા માંગણી કરી અને સરકાર દ્વારા પણ આ અંગે ચુસ્ત અમલવારી કરાવવામાં આવે એવી રજૂઆત કરવામાં આવી હતી.

# એનીમલ વેલ્ફેર બોર્ડની લિગલ ફોરમમાં એડવોટકેટ અભય શાહની નિમણુક થવા બદલ આવકારતા ગિરીશ શાહ અને મિત્તલ ખેતાણી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીભાઈનાં નેતૃત્વમાં અને પશુપાલન મંત્રી પરષોત્તમભાઈ રૂપાલાનાં કુશળ માર્ગદર્શનમાં એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયા અબોલ જીવોના કલ્યાણ માટે કાર્યરત છે. એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાએ અબોલ જીવોનાં રક્ષણ માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધેલ છે. ભારત સરકારનાં એનીમલ વેલ્ફેર બોર્ડનાં લિગલ ફોરમમાં એડવોટકેટ અભય શાહની નિમણુક થવા બદલ અનેક પૂજ્ય સંતો મહંતો અને ગુરુ ભગવંતોએ આશીર્વાદ પાઠવેલ છે. ભારત સરકારનાં એનીમલ વેલ્ફેર બોર્ડનાં સભ્ય અને સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશ શાહ, ભારત સરકારનાં પશુપાલન મંત્રાલયનાં નેશનલ એડવાઈઝરી કમિટીનાં માનદ સભ્ય મિત્તલ ખેતાણી અને અનેક ધાર્મિક, સમાજિક, શૈક્ષણિક સંસ્થાનાં આગેવાનો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે. વર્તમાન સમયમાં ભારતની હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં જે કોઈ પશુ, પક્ષીઓનાં સદર્ભમાં કેસો ચાલી રહ્યા હોય તેમાં પ્રાણીઓનું રક્ષણ થઇ શકે, તેમના અધિકારોની રક્ષા થઇ શકે તેવા શુભ આશયથી એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાએ ગુજરાતનું ગૌરવ એડવોકેટ અભય શાહને લિગલ કોર્ડીનેશન કરવા માટે નિમણુક કરેલ છે. તેમને હાઈ કોર્ટ, સુપ્રીમ કોર્ટનાં સરકારી વકીલશ્રીઓ, સોલીસીટર જનરલ, એડિશનલ સોલીસીટર જનરલ, સરકારી વકીલોને સહાયરૂપ થવાનું રહેશે અને તેમની વચ્ચે કોર્ડીનેશન થાય તે માટે માનદ કાનૂની સલાહકાર તરીકે ભૂમિકા ભજવવાની રહેશે.

# સંવિધાન દિવસ નિમિત્તે શહેર ભાજપ દ્વારા સંવિધાન ગૌરવ યાત્રા યોજાઇ



ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, પ્રદેશ ભાજપાની કાર્યસુચિ મુજબ સંવિધાન સેવા પખવાડીયા અંતર્ગત શહેર ભાજપા અનુસૂચિત જાતિ મોરચા દ્વારા દ્વારા તા.૨૬ નવેમ્બર, રવિવારના રોજ સંવિધાન દિવસ નિમિત્તે સંવિધાન ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત વિધાનસભા સામે સ્થિત ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને શહેર ભાજપ પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, મહામંત્રીશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો, અગ્રણીશ્રીઓ, ચુંટાયેલા સભ્યો તેમજ કાર્યકર્તાઓએ પુષ્પાંજલિ અર્પણ કરી બંધારણના નિર્માણમાં તેઓએ આપેલા અમૂલ્ય યોગદાનને બિરદાવ્યું હતું. ત્યારબાદ ત્યાંથી સંવિધાન ગૌરવ યાત્રાનું વિશાળ રેલી સ્વરૂપે પ્રસ્થાન કરાયું હતું જેનું સમાપન શ્રી કમલમ ભાજપ કાર્યાલય, સે.૨૧ ખાતે કરવામાં આવ્યું હતું.

## તમે

શબ્દોનો છે ભાર દિલ પર ક્યાં સુધી સહશો તમે,
રસ્તો રોકી સૌનો આમ જ ક્યાં સુધી રહશો તમે.

થાય દુખ છે તો થવા દો જિંદગી માં એક વાર,
શીદને પણ ગામનો બીજો ધરી ફરશો તમે.

આ સમંદર શીખ જેવો,ફીણ સમજણ જેવું છે,
કેટલું જીવન કિનારે લો વિચારશો તમે.

જયારે જેનું સારું ચાહો ચાહતા દિલ થી રહો,
સુખની ચાવી હાથમાં પણ પામીને જોશો તમે.

આજ છે સંસાર સૌનો ચાલ્યા કરશે જ આમ,
શ્વાસ છે આ જ્યાં સુધી બસ આમ જીવશો તમે.

મૌનમાં "માશૂક" સૌનું સારું હંમેશા જ થાય,
બોલીને માઠું નહીં કોઈનું પણ કરશો તમે.

ચંદ્રવદન મહેતા "માશૂક" (અમેરિકા)

## તરસાયા હૈ.

યાદોં કી મોમબત્તીયોં સે હમને દિલ જલાયા હૈ,
ઈસી બહાને બરબાદ દિલ કો જરા બહલાયા હૈ.

બહુત જીદ કિયા કરતે થે પૂરા હોને કી હર વક્ત,
બચ્ચોં જૈસે ખ્વાબોં કો બડે પ્યાર સે સહલાયા હૈ.

ક્યા ઉમ્મીદ કરેં ઉનકે કદમોં કી જિંદગી મેં આયેં,
જિસ દિલરુબા પર દિલ લુટાયા ઉસીને ઠુકરાયા હૈ.

છોડ દો દુનિયાવાલોં હમેં અપને હાલે તનહાઈ પર,
અપનોંને હી અપના બનાકર હમેં બડા સતાયા હૈ.

હમેં ભી દો મૌકા અપની બાત ઈઝહાર કરને કા,
ઈક મુલાકાત કી ઉમ્મદ ને હમેં ખૂબ તડપાયા હૈ.

સોયા હૈ આશિક આરામ સે પૈર ફૈલાકર કબ્ર મેં,
દિવાનગીને ઉસે સારી ઉમ્ર રાત દિન જગાયા હૈ.

રહને દો ’ચાંદ’ કો બેહિસાબ અંધેરે કી રાતોં મેં,
ઉજાલે મેં જીને કી ચાહત કો ઈસે તરસાયા હૈ.

રીતેશ ક્રિશ્ચિયન ’ ચાંદ ’ (નડિયાદ)

## હશે

કામના થોડા નકામા જાજા હશે,
આવનારને અણગમા જાજા હશે.

વાત વાળી લેજો સમયસર બધી,
વગોવવા મુખ નહી તો જાજા હશે.

બહાના ગોતવા તાકમાં છે ઘણા,
ભળેલા ઘરના એમા જાજા હશે.

અદકા મળી જશે જો પારખો તો,
એક સરખા અહીંયા જાજા હશે.

મજાની વાત છે સમજવા જેવી,
ગોથા ખવડાવનાર ય જાજા હશે.

અમરીશ શુક્લ ’છજરે’(રાજકોટ)

## કોઈના

શબ્દ જ્યાંથી નીકળે છે કોઈના,
ત્યાં ગરમ શ્વાસો ભળે છે કોઈના.

હૂંફ ભીનાં શબ્દ જ્યારે પણ મળે,
ત્યાંજ સપનાં પીગળે છે કોઈનાં.

દૂર તારાથી જવા ઉપડે જરા,
એ તરફ પગલાં વળે છે કોઈનાં.

આંખ અંતરની જરા ખોલી જુઓ,
ભીતરે હૈયાં બળે છે કોઈનાં.

શોધવાં જો જાઉં સપનાં કોઈનાં,
ત્યાં નિસાસાઓ મળે છે કોઈના.

ડૉ. નિલેશ ચૌહાણ.નીલ( ભાવનગર )



બહુચરાજી- શકિતપીઠ દેવ દિવાળી અને કારતક સુદ પૂનમ, નવા વરસની પ્રથમ પૂનમ નિમિત્તે મોટે ભાગે દર્શનાર્થીવઓ ની ભીડ હતી અંબાજી, ખેડબ્રહ્મા, બહુચરાજી, સાદરા ગાંધીનગર, અમદાવાદ ,ડાકોર, પાવાગઢ વગેરે જગ્યાઓ એ ભક્તો દર્શન માટે ઉમટયા હતા નવા વરસ મા માં દર્શનાર્થી ઓ એ ધન્યતા અનુભવી સૌનું આરોગ્ય જળવાય અને મનોકામનના પૂરી થાય એ માટે પ્રાર્થના ભક્તો એ કરી હોવાનું માં ના ભક્ત મનહરસિંહ વાઘેલા એ જણાવ્યું છે

# કચ્છના રાપર માં પેટ્રોલ પંપ ની સિલક બેંકમાં ભરવા જતાં કર્મચારીઓને લુંટારુ ઓએ નિશાન બનાવી બાર લાખ થી વધુ રકમ લુટી થયા છુ મંતર



રાપરમાં રૂ. ૧૨ લાખથી વધુ લૂંટની ઘટના સામે આવતા સમગ્ર વાગડ પંથકમાં ચકચાર પ્રસરી જવા પામી છે. રાપરના મોરબીયા પેટ્રોલ પમ્પના બે કર્મીઓ ઉપર ધારદાર હથિયાર વડે હુમલો કરી લૂંટારુઓ ઘટનાને અંજામ આપી ફરાર થઈ ગયા છે.

રાપરના ત્રમ્બો ચાર રસ્તા નજીક આવેલા મોરબીયા પેટ્રોલ પંપથી કર્મચારીઓ લાલુભા જાડેજા અને કિશોર સોઢા આજે સપ્તાહના પ્રથમ દિવસે બેન્ક ઓફ ઈન્ડિયાની શાખામાં રૂ.૧૨ લાખ ૭૯ હજાર ૩૨૦ ની રકમ જમા કરાવવા બાઈક ઉપર જતા હતા એ સમય સવારના ૧૦:૩૦ વાગ્યાના અરસામાં બે અજાણ્યા ઈસમોએ બાઈક સાથે તેમનું બાઈક ટકરાવ હથિયાર વડે હુમલો કરી રૂપિયા ભરેલી બેગ ની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. હુમલામાં લાલુભા ને ગંભીર ઈજા પહોંચતા પ્રથમ રાપર સિવિલ હોસ્પિટલમાં સારવાર બાદ વધુ સારવાર માટે સામખિયાળીની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.લૂંટની ઘટના ના પગલે કચ્છ, વાગડ આ ઘટના ને અજામ આપનારાઓ ને પકડવવા માટે સીસીટીવી કેમરા ની તપાસ સહિત લૂંટારુઓ ને ઝડપી પાડવા પોલીસે નાકા બંધી કરી - રીપોર્ટ બાય - મહેશ રાજગોર ભચાઉ

## ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી ના પિતા લગધીરબાપા નુ ૧૦૨ વષૅ ની વયે અવસાન...

(સુરેશ રાવલ બનાસકાંઠા જિલ્લા બ્યુરો ) આજીવન સેવા ના મુળ મંત્ર સાથે જોડાય પરોપકારી જીવન જીવી ગરીબોને આજીવન મદદરૂપ થનાર પુણ્યશાળી આત્મા પૂજ્ય લગધીરબાપા નુ ૧૦૨ વષૅ ની વયે અવસાન થતાં સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ છે. પોતાનુ સમગ્ર જીવન લોક સેવા એજ પ્રભુ સેવા ના મંત્ર સાથે સાદગી થી જીવન જીવતા પૂજ્ય લગધીરબાપા સાધુ સંતો ને પોતાના ધરે ઉતારો આપી સેવ કરતા હતા તેમજ પોતાની ૧૦વિધા જેટલી ખેતીની જમીન એન. એ. કરાવી વિચરતી સમુદાય ના વાદી પરીવારો ને ધર બનાવવા દાન મા આપી હતી. હાલમાં આ જમીન મા ૨૫૦ થી વધારે વાદી પરીવારો વસાહત બનાવી રહે છે. ભૂદાન યક્ષ ના પ્રણેતા પૂજ્ય રવિશંકર મહારાજ સાથે મળીને તેમણે કામ કયૃ હતુ દુષ્કાળ મા પાણી ની તીવ્ર કટોકટી વચ્ચે પંથકમાં બોરવેલ બનાવી લોકોને પીવા ના પાણી ની સગવડ કરી હતી. પૂજય દત્તશરણાનંદજી. પૂજય સદારામબાપુ. સણાદરમંદિર ના મહંતપૂજ્ય ક્રિષ્ના નંદ જી મહારાજ. ઉજ્જનવાડા મંદિર ના મહંત જેવા સંતો મહંતો સાથે પૂજય લગધીરબાપા નો આધ્યાત્મિક નાતો હતો. પોતાના ઘરમાં પંથક ના બાળકો ને ધર આગણે શિક્ષણ મળે તેવા શુભ આશયથી પ્રાથમિક શાળા ખોલનાર લગધીરબાપા આજીવન ગૌવ્રતિ હતા પ્રાતઃકાળે સુયૅદેવ ને જળ અપૅણ કયૉ પછી તેઓ અન્ન જળ ગ્રહણ કરતાં હતાપરંતુ કોઈકવાર ચોમાસામાં વાદળો મા સુયૅદેવ ના દશૅન ન થાય તો બાપા બે ત્રણ દિવસ સુધી ભોજન લેતા ન હતા પંખીઓ ને ચણ તથા કીડીયારૂ પૂરવાનો તેમનો નિત્ય ક્રમ હતો. પૂજ્ય લગધીરબાપા ની અંતીમ યાત્રા મા તેમના પરિવાર જનો , ધારાસભ્ય શ્રી ઓ. સામાજિક અને સહકારી શ્રેત્ર ના આગેવાનો અને પંથકના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા



ગુજરાત ના પાટનગર ગાંધીનગર ના ભદ્ર એવા ટીપી ૦૯ સરગાસણ મુકામે "પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટ "દ્વારા અનંતકોટી બ્રમ્હાન્ડના ના માલિક ભગવાન શ્રી શાલીગ્રામજી અને શ્રી લક્ષ્મી સ્વરૂપા માં તુલસીજી ના વિવાહ પ્રસંગનુ આયોજન સંવત ૨૦૮૦ ના ને કારતક સુદ બારસ ને શુક્રવાર તારીખ ૨૪/૧૧/૨૦૨૩ ના રોજ શુભ મૂહૂર્ત કરવામાં આવ્યું હતું.બે દિવસ ના આ વિવાહ પવૅમા "લગ્ન પડો-મહેંદી રસમ - રાસગરબા-પીઠી રસમ- મામેરું જેવા લગ્નોપચાર પ્રસંગોમાં સરગાસણ વિસ્તારના રહીશો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા.લગ્ન વિધિના આચાર્ય દ્વારા બોલાતા પ્રસિદ્ધ મંત્રો વચ્ચે મંગલફેરા- કન્યાદાન-કંસાર અને સૌભાગ્યવતી ના પ્રસંગ દરમિયાન બહેનો લગ્ન ગીતો અને ફટાણાં ગાઈને કૃતજ્ઞતા નો અનુભવ કર્યો હતો.લગ્નનો વિધિ સંપન્ન થયો ને જ્યાં શરણાઈએ વિદાયના સૂર છેડ્યા ત્યારે ઉપસ્થિત ભક્તો એ અશ્રુભીની આંખે માં તુલસીજી ને વિદાય આપી હતી

## ઇઝરાઇલની સેના માં ફરજ બજાવીને પરત ફરેલા કચ્છ વાગડ નાં યુવાન નું સ્વાગત કરાયું



-રમેશ ગોસ્વામી "સારથિ"

ઈઝરાઈલ-હમાસ યુદ્ધમાં શાંતિ સ્થાપવા ગયેલ યુનાઈટેડનેશન ની સેનામાં ભારત સરકાર તરફથી યુદ્ધમાં ગયેલા ઝાંબાજ જવાન અને સમગ્ર વાગડ કચ્છ તથા ગુજરાતનું ગૌરવ તથા સમસ્ત કોળી ઠાકોર સમાજનું ઘરેણું એવા રાજેશભાઈ કાનાભાઈ પીરાણા (કોળી) માદરે વતન પધાર્યા ત્યારે વાગડ ના લોકો એ મોટી સંખ્યામાં હાજર રહી ને સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય વીરેન્દ્ર સિંહ જાડેજા સહિત નાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તથા ભારત માતા કી જય, જય હિંદ વંદે માતરમ નાં નારા થી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.★

## દિવ્યપથ શાળાના ૭મા ધોરણના વિદ્યાર્થીઓની અડાલજની વાવની શૈક્ષણિક યાત્રા



દિવ્યપથ શાળાના ૭મા ધોરણના વિદ્યાર્થીઓએ પ્રાચીન ભારતીય સ્થાપત્યની શ્રેષ્ઠ કૃતિ અને આપણા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના પ્રતીક એવા અડાલજની વાવ એક સમૃદ્ધ ક્ષેત્રની સફર શરૂ કરી. આ પર્યટનથી વિદ્યાર્થીઓને અડાલજ ની વાવના ઈતિહાસને જાણવાની તેમજ તેના ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્વની ઊંડી સમજ મેળવવાની મંજૂરી મળી.

અડાલજ ની વાવ ગાંધીનગર જિલ્લાના અડાલજ ગામમાં આવેલ છે.આ વાવની કોતરણી તેમજ બાંધકામની શૈલી અતિ પ્રાચીન સમયની સંસ્કૃતિનું ઉદાહરણ પૂરું પાડે છે જે આપણા દેશના સમૃદ્ધ ઈતિહાસ અને સ્થાપત્ય શ્રેષ્ઠતાને પ્રતિબિંબિત કરે છે. આ ફિલ્ડ ટ્રીપનું આયોજન વિદ્યાર્થીઓને આ વાવની પ્રત્યક્ષ મુલાકાત લઈને પોતાના અનુભવોને ચિત્ર દ્વારા પોતાનો ચિતાર કાગળમાં ચિત્ર દ્વારા રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે અડાલજ ની વાવની સુંદરતા અને ભવ્યતાને કારણે આજે વૈશ્વિક વારસામાં સ્થાન પામેલ છે જેનું શિક્ષકના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓને વાવની સંપૂર્ણ જાણકારી પૂરી પાડે છે તેમજ તેની કોતરણી આજના શિલ્પકારો માટે ઐતિહાસિક માર્ગદર્શન પૂરું પાડે છે.

અમારી શાળાના વિદ્યાર્થીઓએ અડાલજ વાવ વિશે ઉમદાપૂર્વક સમજ મેળવી આવનાર સમયમાં આ સ્થાપત્યનું રક્ષણ કરવા માટે આવનાર પેઢીને એક સંદેશો પૂરો પાડે છેઅડાલજ વાવની ડિઝાઇન અને ભવ્યતા. અદભૂતબંધારણ, સાથે

તેની જટિલ કોતરણી અને પ્રભાવશાળી માળખું, આજના યુગને આશ્ચર્યમાં મૂકી દે છે. તેઓએ વાવના ઈતિહાસનેતેમજ તેના સાંસ્કૃતિક મહત્વને તે રજૂ કરે છે તે એન્જિનિયરિંગ ઈતિહાસ વિશે પણ શીખ્યા.અડાલજ વાવની આ ક્ષેત્રની સફર જેવી પ્રાયોગિક શિક્ષણની તકો વિદ્યાર્થીઓને આપવાના પ્રયાસોથી દિવ્યપથ સ્કૂલની સર્વાંગી શિક્ષણ પ્રદાન કરવાની પ્રતિબદ્ધતા સ્પષ્ટ થાય છે.

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ગાંધી ભવન ખાતે તાલુકા અને શહેર (નગરપાલિકા) કોંગ્રેસ સમિતિના પ્રમુખોની સંગઠન સંવાદ બેઠક અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને સાંસદશ્રી મુકુલ વાસનિકજી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહજી ગોહિલની ઉપસ્થિતિમાં યોજાઈ




ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, રાજીવ ગાંધી ભવન ખાતે તાલુકા અને શહેર (નગરપાલિકા) કોંગ્રેસ સમિતિના પ્રમુખોની સંગઠન સંવાદ બેઠક અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને સાંસદશ્રી મુકુલ વાસનિકજી અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહજી ગોહિલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. તાલુકા અને શહેર (નગરપાલિકા) કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રીઓ સાથેની સંગઠન બેઠકને સંબોધન કરતાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાત સંગઠનના પ્રભારીશ્રી મુકુલ વાસનિકજીએ જણાવ્યું હતું કે, આજનો દિવસ ભારત દેશના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થયેલ છે. આજનો દિવસ સંવિધાન દિવસ છે. બંધારણના નિર્માતાને યાદ કરીને શ્રદ્ધા-સુમન અર્પણ કરું છું. ડો. બાબાસાહેબ આંબેડકરના અધ્યક્ષસ્થાને સંવિધાન સભાએ આપણને સમાનતાના અને રાઈટ ટુ લાઈફ સહિતના અધિકારો આપ્યા છે. આજની આ બેઠક એટલા માટે મહત્વપૂર્ણ છે કે એક તરફ આપણું શીર્ષ નેતૃત્વ શ્રીમતી સોનિયા ગાંધી, શ્રી રાહુલજી અને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગેજી જેમના માર્ગદર્શનથી આપણે વિવિધ તબક્કામાં કામ કરી રહ્યા છીએ. જયારે એટલું જ મહત્વપૂર્ણ નેતૃત્વ આપ સૌ તાલુકા અને સ્થાનિક કક્ષાએ કામ કરો છો તે છે. ઈમારતની શાન એવી એની ઊંચાઈ એના બુનિયાદના પથ્થર પર ટકેલી હોય છે, આપ સૌ બુનિયાદના પથ્થર છો. આજે દેશ અને સંવિધાન સામે મોટો ખતરો છે. આ મોટા પડકારનો આપણે સૌ કોંગ્રેસજનોએ દેશહિતમાં સાથે મળીને સામનો કરવાનો છે. ભારતીય સંવિધાન સમગ્ર વિશ્વમાં શ્રેષ્ઠ સંવિધાન પૈકીનું એક છે. સ્વાધીનતા આંદોલનના સપનાને ભારતીય સંવિધાન ઉજાગર કરે છે. જે સપના જોઈને મહાત્મા ગાંધી, ગોપાલકૃષ્ણ ગોખલે, મૌલાના આઝાદ, સરોજીની નાયડુ, મોતીલાલ નહેરૂ સહિતના અનેકે આઝાદીનો જંગ લડીને આપણને આઝાદી અપાવી. આ સમય એટલા માટે આપણે યાદ કરવાનો છે કે ભારતની સ્વતંત્રતાનો ઈતિહાસ અન્ય દેશોના સ્વાધીનતાના ઈતિહાસ કરતા અલગ છે. કારણ કે આપણો સ્વાધીનતાનો સંગ્રામ ધર્મ, ભાષા, જાતિના આધારે નહીં પરંતુ આ તમામથી ઉપર ઊઠીને તમામ નાગરિકોને સમાનતાનો અધિકાર મળે તેવા સપના સાથે થયો હતો અને એટલે જ અન્ય રાષ્ટ્રો કરતાં ભારત સહુને સાથે રાખીને આગળ વધી રહ્યું છે. જવાહરલાલ નેહરૂ, સુભાષચંદ્ર બોઝ, સરદાર વલ્લભભાઈ પટેલ સહિતના સ્વાતંત્ર્ય સંગ્રામમા સમાવિષ્ટ તમામ લોકોએ તેમના જુવાનીના સમયમાં આ લડતમાં જોડાયા હતા અને પૂ. મહાત્મા ગાંધીજીના નેતૃત્વમાં ભારત દેશે આઝાદી મેળવી. આપણે ગૌરવ સાથે કહેવું પડે કે દેશની આઝાદીનો ઈતિહાસ હોય કે ભારતીય કોંગ્રેસનો ઈતિહાસ હોય એ એકબીજાના પૂરક છે.

તાલુકા અને શહેર (નગરપાલિકા) કોંગ્રેસ સમિતિના પ્રમુખોની સંગઠન સંવાદ બેઠકને સંબોધન કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહજી ગોહિલે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષને મજબૂત કરવા માટે તાલુકા સમિતિ અને નગરપાલિકા સમિતિના સંગઠનને વધુ સક્રિય કરવું પડશે. સત્તા પડાવી લેવા માટે નહીં પરંતુ કોંગ્રેસ પક્ષના સેવાના યજ્ઞમાં જુદા-જુદા ક્ષેત્રના લોકોને જોડવા માટે હાથ સે હાથ જોડોનું જનસંપર્ક અભિયાન ચાલી રહ્યું છે. તાલુકા અને શહેર (નગરપાલિકા)ના સંગઠન પ્રમુખોએ તેમને સોંપેલી સેક્ટર-મંડલ સહિતની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવી પડશે, જેથી કરીને જે વ્યક્તિને કોંગ્રેસ પક્ષે જવાબદારી સોંપી હોય તે સેક્ટર-મંડલના કાર્યકરોને તાલીમ સાથે તૈયાર કરવામાં ઝડપ કરી શકાય. ડો. બાબાસાહેબ આંબેડકરને યાદ કરતાં શ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, આજનો આ દિવસ સંવિધાન દિવસ છે. જે સંવિધાને આપણને સૌને સમાન હક આપ્યા છે. એક તરફ સત્તામાં એવા લોકો છે કે જેઓ સંવિધાનને દરિયામાં ફેંકી દેવા માંગે છે તેવા સમયે કોંગ્રેસ જન તરીકે આપણા સૌની ફરજ બને છે કે સંવિધાનને બચાવવા માટે સહુએ સાથે મળીને લડત આપવાની છે. કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધીએ કન્યાકુમારીથી કાશ્મીર સુધી ૪૦૦૦ કિ.મી.ની ભારત જોડો યાત્રા કરી હતી, જેની સમગ્ર દેશમાં મોટી અસર છે ત્યારે આપણા સૌની ફરજ બને છે કે આપણે પણ સ્થાનિક પ્રશ્નો અને આપણી વિચારધારાને લઈને લોકો સુધી પહોંચીએ. તાલુકા કક્ષાએ સોંપેલી કામગીરી સત્વરે પૂર્ણ કરીને આગામી દિવસોના કાર્યક્રમોને સફળ બનાવીએ અને સામાન્ય નાગરિકોને તેમના હક્ક-અધિકાર મળે તે માટેની લડતમાં કોંગ્રેસ જને સક્રિયતાથી ઝુકાવવાનું છે. એક તરફ સતત જુઠ્ઠાણું ફેલાવનારા અને નફરત ફેલાવનારા લોકો સત્તાસ્થાને છે ત્યારે કોંગ્રેસ પક્ષના કાર્યકરો-આગેવાનોએ એક થઈને જુઠ્ઠાણાનો પર્દાફાશ કરવાનો છે. આગામી દિવસોમાં જુદા-જુદા ક્ષેત્રના લોકો કઈ રીતે વધુમાં વધુ કોંગ્રેસ પક્ષ સાથે જોડાઈ શકે અને કોંગ્રેસ પક્ષના સેવાયજ્ઞને આગળ ધપાવીએ.

સંવિધાન દિવસ નિમિત્તે આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષરૂપે જાણીતા વિચારક, પ્રો. રામ પુનિયાનીએ દેશ સામેના પડકાર, સાંપ્રત પરિસ્થિતિ, આઝાદી પહેલાંની પરિસ્થિતિ અને આઝાદી બાદની જુદી જુદી બાબતો ઐતિહાસિક તથ્યો સાથે રજૂ કરી હતી. શ્રી રામ પુનિયાનીએ ઐતિહાસિક તથ્યો સાથે હાલના સત્તાધીશો કઈ રીતે કામ કરી રહ્યા છે અને કોંગ્રેસ પક્ષે તેની વિચારધારા સાથે લડત આપવાની છે તે બાબતો સુંદર રીતે રજુ કરી હતી. ઉપસ્થિત તમામ પદાધિકારીઓ ઉત્તમ તથ્યો આધારિત વાર્તાલાપથી અભિભૂત થયા હતા.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિત ચાવડાએ બેઠકને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, તાલુકા, શહેર કે સંપૂર્ણ સક્રિય યુનિટથી જ પક્ષની કામગીરી વધુ મજબૂતી કરી શકાશે. સ્થાનિક પ્રશ્નો અનેક છે, લોકોની સમસ્યા ઘણી છે, ત્યારે આપણે સૌ લોકોની સમસ્યામાં કઈ રીતે તેમને મદદરૂપ થવાય અને જયાં તંત્ર અન્યાય કરે ત્યાં લોકોને સાથે રાખીને લડતમાં પણ જોડાઈએ. લોકોની વાત સરકાર સાંભળતી નથી, તંત્ર બહેરુ છે તેવા સમયે કોંગ્રેસ જન માધ્યમ બનીને લોકોનો અવાજ બનશે.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શ્રી શૈલેષ પરમાર, એઆઈસીસીના મંત્રી રામકિશન ઓઝાજીએ ઉપસ્થિત તાલુકા અને નગરના સંગઠન પ્રમુખોને સ્થાનિક કક્ષાએ ચૂંટણી સંબંધિત અને સંગઠનલક્ષી કામગીરી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કોંગ્રેસના હાથ સે હાથ જોડો અભિયાનમાં સૌથી વધુ સભ્યો નોંધનાર પાંચ કાર્યકર-આગેવાનોને શ્રી મુકુલ વાસનિકજી અને શ્રી શક્તિસિંહ ગોહિલના હસ્તે મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત સંવાદ બેઠકમાં સંવિધાન દિવસ નિમિત્તે ડો. બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને ડો. બાબાસાહેબના અમૂલ્ય યોગદાન અને સંવિધાનના મૂળભૂત મૂલ્યોને યાદ કરવામાં આવ્યા હતા.

રાજીવ ગાંધી ભવન ખાતે આજની તાલુકા અને શહેર (નગરપાલિકા) પ્રમુખની સંવાદ બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ શ્રી હિંમતસિંહ પટેલ, શ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, હાથ સે હાથ જોડો અભિયાનના કન્વીનરશ્રી ઈન્દ્રનીલ રાજગુરુ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ શ્રી બિમલભાઈ શાહ, પ્રવક્તા ડો. મનીષ દોશી અને જિલ્લા કોંગ્રેસ સમિતિનિ પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.